GJBH130004822025

सत्यमेव जयते

**CC NO.** 436/2025
**Exhibit No.**

## (નમુનો :–અ)

| **નેત્રંગના મ્હે. જયુડિશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ શ્રી એચ.આર.ખમલ સાહેબની કોર્ટમાં<br>મુ. નેત્રંગ, જી.ભરૂચ** | | |
|---|---|---|
| **ચુકાદાની તારીખ** | – | ૨૭/૦૭/૨૦૨૬ |
| **ફોજદારી કેસ નં** | – | ૪૩૬/ ૨૦૨૫ |
| **પો સ્ટે<br>એફ.આઇ.આર નં.** | – | નેત્રંગ પો.સ્ટે<br>ગુના રજી. નં.:– ૧૧૧૯૯૦૦૫૨૪૦૨૮૯/૨૦૨૪ |
| **ગુનો** | – | આઇ.પી.સી. કલમ ૨૭૯, ૩૩૭, ૩૩૮, તથા એમ.વી. એકટ ની કલમ – ૧૭૭, ૧૮૪,૧૩૪, ૧૮૭ (R.W) મુજબ |

| | | | |
|---|---|---|---|
| **ફરીયાદી** | – | શ્રી સરકાર<br>(મુળ ફરીયાદી :આશાબેન દિનેશભાઇ અરવિંદભાઇ વસાવા) | |
| **વિધ્વાન એ.પી.પી.શ્રી** | – | **પી.આર.ચૌધરી** | |
| **આરોપી** | – | **૧.** | **નરેશભાઇ સોમાભાઇ દેવલાભાઇ વસાવા**<br>ઉ.વ.૪૨, ધંધો – ડ્રાઇવીંગ<br>રહે– ઉંડી છેલ્લું ફળીયું,તા.નેત્રંગ,જી.ભરૂચ |
| **આરોપીના વિ.વ.શ્રી** | – | | **કે.એફ.વસાવા** |

## (નમુનો :–બ)

| | | |
|---|---|---|
| **ગુનાની તારીખ** | – | ૧૯/૦૪/૨૦૨૪ |
| **ફરીયાદની તારીખ** | – | ૨૦/૦૪/૨૦૨૪ |
| **ચાર્જશીટની તારીખ** | – | ૧૭/૦૫/૨૦૨૫ |
| **ચાર્જફ્રેમની તારીખ** | – | ૧૯/૦૭/૨૦૨૫ |
| **પુરાવો શરૂ થયાની તારીખ** | – | ૨૫/૦૮/૨૦૨૫ |
| **ચુકાદા રાખવા માટેની તારીખ** | – | ૨૭/૦૭/૨૦૨૬ |

| | | |
|---|---|---|
| **ચુકાદાની તારીખ** | – | ૨૭/૦૭/૨૦૨૬ |
| **સજા કરી હોય તેની તારીખ** | – | |

## <u>આરોપીની વિગત</u>

| નં | આરોપીનુ નામ | અટક કર્યાની તારીખ | જામીન પર છોડયાની તારીખ | ગુનો | તકસીરવાન/ નિર્દોષ | સજા | સી.આર.પી.સી ૪૨૮ માટે કસ્ટીમાં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | નરેશભાઇ સોમાભાઇ દેવલાભાઇ વસાવા | ૨૩/૦૪/ ૨૦૨૪ | ૨૩/૦૪/ ૨૦૨૪ | આઇ.પી.સી .કલમ ૨૭૯, ૩૩૭, ૩૩૮, તથા એમ.વી. એકટ ની કલમ – ૧૭૭, ૧૮૪,૧૩૪, ૧૮૭ (R.W) | નિર્દોષ | | |

**(નમુનો:–ક)**

**ફરીયાદપક્ષે/ બચાવપક્ષે/કોર્ટપક્ષે તપાસવામાં આવેલ સાહેદોનુ લીસ્ટ**

**(એ) ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદ**

| અનુ.ક | આંક | નામ | સાહેદના પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ૦૪ | આશાબેન દિનેશભાઇ વસાવા | ફરીયાદી |
| ૨ | ૦૬ | અરવિંદભાઇ દેવજીભાઇ વસાવા | સાહેદ |
| ૩ | ૦૭ | રમીલાબેન અરવિંદભાઇ વસાવા | સાહેદ |
| ૪ | ૦૯ | વસંતભાઇ દિલીપભાઇ વસાવા | સાહેદ |
| ૫ | ૧૦ | દિનકરભાઇ સેમ્યુલભાઇ વસાવા | સાહેદ |
| ૬ | ૧૩ | સુભાષભાઇ કાંતિભાઇ મંડપવાલા | ત.ક.અ |

**ફરીયાદપક્ષે/ બચાવપક્ષે/કોર્ટપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજની વિગત**

**(એ) ફરીયાદપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ**

| નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૦૫ | ફરીયાદ |
| ૨ | ૧૪ | સ્થાનિક જગ્યાનુ પંચનામુ |
| ૩ | ૧૫,૧૬,૧૭ | મેડીકલ સર્ટીફીકેટ |

**-: ઠરાવ:-**

(૧) આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૧૯/૦૪/૨૦૨૪ ના રોજ આ કામના તહોમતદારે તેમના કબજાનો આઇસર ટેમ્પો નંબર-જી.જે-૧૬-ડબલ્યુ-૧૬૮૫ ભાગોરી બદલવા પાસે ટેકરો ચઢતા પોતાનો આઇસર ટેમ્પો ચઢાણ ન ચઢતા વાહન કાબુ બહાર જતા પાછળ જતા આઇસર ટેમ્પોની પાછળ આવતા યામાહા કંપનીનું મોટરસાઇકલ નંબર જી.જે-૧૬-ડી.એન-૭૩૫૫ ના ચાલક અરવિંદભાઇ દેવજીભાઇને ભટકાડી અરવિંદભાઈને ડાબા પગમાં તથા તેમની પત્ની રમીલાબેનને ડાબા હાથમાં અને રૂત્વીકભાઇને ડાબા પગમાં નાની મોટી ઈજા કરી નાસી જઈ, નેત્રંગ પો.સ્ટે આઇ.પી.સી. કલમ ૨૭૯, ૩૩૭, ૩૩૮, તથા એમ.વી. એકટ ની કલમ - ૧૭૭, ૧૮૪,૧૩૪, ૧૮૭ (R.W) ,મુજબ ગુનો કરેલ છે જેથી આ કામના ફરીયાદીની ફરીયાદ મુજબ હાલના કામના આરોપી વિરૂધ્ધ નેત્રંગ પોલીસ સ્ટેશનમાં ઉપરોકત કલમ મુજબ ગુનો નોંધવામાં આવેલ છે.

(૨) આ કામે હાલના આરોપી મુદતે અત્રેની અદાલતમાં હાજર થતાં તેઓને સી.આર.પી.સી કલમ-૨૦૭ અન્વયે પોલીસ તપાસના તમામ પેપર્સની નકલો વિનામૂલ્યે પુરી પાડવામાં આવેલી. ત્યાર બાદ આ કામના આરોપીઓ વિરુધ્ધ હાલના ગુના સંબંધી આંક-૦૩ થી લેવામાં આવેલ પ્લી લગત ગુના નો ઈન્કાર કરતાં ફરીયાદ પક્ષ તરફથી રજુ થયેલ સાહેદોનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) **ફરીયાદી તરફે રજુ થયેલ પુરાવો : ઉપર નમુના 'ક'** માં જણાવેલ છે, તેથી તેની પુન:ઉક્તિ ફરેલી નથી.

(૪) સદર કામે ફરીયાદ પક્ષ તરફથી વધુ કોઈ લેખિત કે મૌખિક પુરાવો આપવો નથી તેવુ મૌખિક રીતે જાહેર કરતાં. સી.આર.પી.સી કલમ-૩૧૩ મુજબ આ કામના આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ.જેમાં આરોપીએ ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવાનો મહદઅંશે ઈન્કાર કરેલ છે અને સોગંદ ઉપર જુબાની આપેલ નથી કે બચાવના કોઈ સાહેદ

તપાસેલા નથી તેમજ વિશેષમાં કાંઈ કહેવું છે તેના જવાબમાં જણાવેલ છે કે તેના ઉપર ખોટો કેસ કરવામાં આવેલ છે.

(૫) ત્યાર બાદ ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી પી.આર.ચૌધરીનાઓની તથા બચાવ પક્ષે વિ.વ.શ્રી કે.એફ.વસાવાનાઓની દલીલો સાંભળવામાં આવેલ છે. તે ઉપરાંત આ કામે રજુ થયેલ પુરાવો ધ્યાને લીધો.

(૬) રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવા તથા બન્ને પક્ષકારો તરફે રજુ થયેલ દલીલો ધ્યાનમાં લેતાં મારાં ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**૧.** શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે એવી હકીકતો પુરવાર કરે છે કે, તા.૧૯/૦૪/૨૦૨૪ ના રોજ આ કામના તહોમતદારે તેમના કબજાનો આઇસર ટેમ્પો નંબર–જી.જે–૧૬–ડબલ્યુ–૧૬૮૫ ભાગોરી બદલવા પાસે ટેકરો ચઢતા પોતાનો આઇસર ટેમ્પો ચઢાણ ન ચઢતા વાહન કાબુ બહાર જતા પાછળ જતા આઇસર ટેમ્પોની પાછળ આવતા યામાહા કંપનીનું મોટરસાઇકલ નંબર જી.જે–૧૬–ડી.એન–૭૩૫૫ ના ચાલક અરવિંદભાઇ દેવજીભાઇને ભટકાડી અરવિંદભાઇને ડાબા પગમાં તથા તેમની પત્ની રમીલાબેનને ડાબા હાથમાં અને રૂત્વીકભાઇને ડાબા પગમાં નાની મોટી ઈજા કરી નાસી જઇ, નેત્રંગ પો.સ્ટે આઇ.પી.સી. કલમ ૨૭૯, ૩૩૭, ૩૩૮, તથા એમ.વી. એકટ ની કલમ – ૧૭૭, ૧૮૪,૧૩૪, ૧૮૭ (R.W) ,મુજબ શિક્ષા પાત્ર ગુન્હો કરેલ છે?

**૨.** શું હુકમ?

(૭) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા ન્યાયીક તારણો નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

**– કારણો –**

(૮) **મુદ્દા નં. ૧ અને ૨:–**

ફરીયાદ પક્ષે તમામ વ્યાજબી શંકાથી મુકત રહીને તેનો કેસ સાબીત કરવો જોઇએ તેવો ક્રિમીનલ જયુરીસપ્રુડન્સનો સ્વીકૃત સિધ્ધાંત છે.

(૮.૧) બન્ને પક્ષ તરફેની દલીલો તેમજ ફરીયાદ પક્ષે રેકર્ડ ઉપર રજુ કરેલ પુરાવાઓનુ તુલનાત્મક મુલ્યાંકન કરી, રેકર્ડ ઉપર આવેલ પુરાવો જોવામાં આવે તો, સદર કામે હાલના ફરીયાદ પક્ષ તરફથી **આંક–૦૪** થી આ કામના **ફરીયાદી આશાબેન દિનેશભાઈ વસાવા** નાઓને સોંગદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓએ પોતાના સોગંદ પરના પુરાવા દરમ્યાન એવી હકીકત જણાવેલ છે કે,બનાવ તારીખ ૧૯/૦૪/૨૦૨૪ ના રોજ ભાંગોરી બદલવા પાસે ગામમાં ટેકરા પર બનેલો.બનાવના દિવસે મારી બહેન રમીલાબેન તેમના પતિ અરવિંદભાઇ દેવજીભાઇ તથા તેમનો છોકરો રૂત્વીકભાઈ સાથે બદલવા ગામે અરવિંદભાઈની મોટરસાઇકલ લઇને જતા હતા તે વખતે ભાંગોરી બદલવા ગામમાં જવાના રસ્તા પાસે ટેકરો ચડતા હતા તે વખતે તેમની આગળ એક આઇસર ટેમ્પો ચાલતો હતો જેમાં ઇંટો ભરેલી હતી તે ટેમ્પો ચડતીમાં આગળ જવાના બદલે પાછળ આવતા તેમની પાછળ આવતા અરવિંદભાઇનો મોટરસાઇકલ સાથે અથડાયેલ અને નીચે સુધી ઘસેડી લાવેલ જેથી તેમાં અરવિંદભાઇ તથા તેમની પત્ની રમીલાબેન નાઓને ઇજા થયેલ અને તેઓને ૧૦૮ એમ્બ્યુલન્સમાં નેત્રંગ સરકારી દવાખાને લઇ આવેલ બનાવ બાબતે મને મારા મામાનો છોકરો વજીરભાઇએ ફોનથી જાણ કરેલ જેથી હું નેત્રંગ હોસ્પિટલમાં આવેલ અને જોયેલ તો અરવિંદભાઇને ડાબા પગમાં તથા ડાબા હાથે ઈજા થયેલી હતી રમીલાબેનને હથેળીના ભાગમાં ઈજા થયેલી તથા રૂત્વીકને પીઠના તથા પગના ભાગે ઈજા થયેલી હતી તેમને પાટા બાંધેલ હતા અને અરવિંદભાઈને પગમાં વધારે ઈજાઓ થયેલ હોવાથી બીજા દવાખાને વધુ સારવાર માટે જવાનું જણાવતા અમો તે ત્રણેય જણને અંકલેશ્વર જયાબેન મોદી હોસ્પિટલમાં લઈ ગયેલ આ અકસ્માત કરનાર આઇસર ટેમ્પાનો નંબર જી.જે–૧૬–ડબલ્યુ–૧૬૮૫ હતો અને એનો ડ્રાઈવર અમારા ગામના નરેશભાઈ સોમાભાઈ વસાવા હતા.બનાવ બાબતે અમોએ ફરીયાદ આપેલ આજરોજ મને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જેને જોઇને કહે છે કે, જેમાં મારી સહી છે સદર ફરીયાદને રજુ દાખલ આંક–૦૫ આપવામાં આવે છે. આરોપીને જોયેથી હું ઓળખું છું. જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર તે જ છે.

ફરીયાદીની આરોપીના વિ.વ.શ્રી દવારા કરવામાં આવેલ ઉલટ તપાસ દરમિયાન ફરીયાદીએ એ વાતનો ઈન્કાર કરે છે કે, એ વાત ખરી છે કે,એ વાત ખરી છે કે, બનાવની જાણ મને ફોનથી થયેલી. એ વાત ખરી છે કે, બનાવ સમયે હું મારા ખેતરમાં હતી. એ વાત ખરી છે કે, બનાવમાં મેં નજરો નજર જોયેલ નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, અરવિંદભાઈએ મને બનાવ બાબતે જણાવેલ. એ વાત ખરી છે કે, ગાડીનો નંબર અને વાહન કોણ ચલાવતું હતું તે મેં નજરે જોયેલ નથી.

(૮.૨) આ કામે ફરીયાદપક્ષે **આંક–૦૬ થી સાહેદ અરવિંદભાઇ દેવજીભાઇ વસાવા** નાઓને તપાસેલ છે. મજકુર સાહેદની તેની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે,બનાવ તારીખ ૧૯/૦૪/૨૦૨૪ ના રોજ ભાંગોરી બલદવા પાસે ગામમાં ટેકરા પર બનેલો.બનાવના દિવસે હું તથા મારી પત્ની રમીલાબેન તથા મારો છોકરો રૂત્વીકભાઇ મારા સાથે બલદવા ગામે મારી મોટરસાઇકલ લઇને જતા હતા તે વખતે ભાંગોરી બલદવા ગામમાં જવાના રસ્તા પાસે ટેકરો ચડતા હતા તે વખતે અમારી આગળ એક આઇસર ટેમ્પો ચાલતો હતો જેમાં ઇંટો ભરેલી હતી તે ટેમ્પો ચડતીમાં આગળ જવાના બદલે અચાનક પાછળ આવતા અમારી મોટરસાઇકલ સાથે અથડાયેલ અને નીચે સુધી ઘસેડી લાવેલ જેથી મને ડાબા પગમાં તથા ડાબા હાથે ઈજા થયેલી હતી મારી પત્ની રમીલાબેનને હથેળીના ભાગમાં ઈજા થયેલી તથા રૂત્વીકને પીઠના તથા પગના ભાગે ઈજા થયેલી હતી આ અકસ્માત કરનાર આઇસર ટેમ્પોનો નંબર જી.જે–૧૬–ડબલ્યુ–૧૬૮૫ હતો અને આઇસર ટેમ્પોનો ચાલક ટેમ્પો મુકી નાસી ગયેલ ત્યારબાદ અમને નેત્રંગ સરકારી દવાખાને સારવાર માટે લાવેલ ત્યાં પ્રાથમિક સારવાર આપી અમોને વધારે ઈજા હોવાથી બીજા દવાખાને વધુ સારવાર માટે જવાનું જણાવતા અમો ત્રણેય જણને અંકલેશ્વર જયાબેન મોદી હોસ્પિટલમાં લઇ ગયેલ. અકસ્માત કરનાર ટેમ્પો ચાલકને ગામના લોકોએ પકડેલ પરંતું તેને મેં જોયેલ નહી તે કોણ હતું તેની મને ખબર નથી.

મજકુર સાહેદ તેઓની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતાં ન હોય વિ.એ.પી.પી.શ્રી.એ તેઓને ફરી ગયેલા જાહેર કરાયા બાદ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સીધા સવાલો પુછી ચકાસણી કરેલ હોવા છતાં ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતી ગણી શકાય તેવી વિગતો આ સાહેદ તેઓની જુબાનીમાં જણાવતાં નથી.

આરોપીપક્ષે કરવામાં આવેલ ઉ.તમાં આ સાહેદ જણાવેલ છે કે, એ વાતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે,બનાવવાળી જગ્યા ચડાવ ઉતાર વાળી છે. એ વાત ખરી નથી કે, બનાવવાળી જગ્યાએ નાળુ આવેલું છે. એ વાત ખરી છે કે, બનાવવાળા રસ્તા પર વાહનોનો અવર જવર સતત રહેતી હોય છે. એ વાત ખરી છે કે, વાહન કોણ ચલાવતું હતું તે મે નજરે જોયેલ નથી. એ વાત ખરી નથી કે, અમો મોટરસાઇકલ પરથી જાતે પડી ગયેલા એ વાત ખરી નથી કે, હું મોટરસાઇકલ પરથી જાતે પડી ગયેલ હોય તેમાં ઈજા થયેલ.

(૮.૩) આ કામે ફરીયાદપક્ષે **આંક–૦૭ થી સાહેદ રમીલાબેન અરવિંદભાઇ વસાવા**નાઓને તપાસેલ છે. મજકુર સાહેદની તેની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે,બનાવ એકાદ વર્ષ અગાઉ ભાંગોરી બલદવા ગામમા ટેકરા પર બનેલો. બનાવના દિવસે હું તથા મારા પતિ અરવિંદભાઇ તથા મારો છોકરો રૂત્વીકભાઇ સાથે બલદવા ગામે અમારી મોટરસાઇકલ લઇને

જતા હતા તે વખતે ભાંગોરી બલદવા ગામમાં જવાના રસ્તા પાસે ટેકરો ચડતા હતા તે વખતે અમારી આગળ એક આઇસર ટેમ્પો ચાલતો હતો જેમાં ઇંટો ભરેલી હતી તે ટેમ્પો ચડતીમાં આગળ જવાના બદલે અચાનક પાછળ આવતા અમારી મોટરસાઇકલ સાથે અથડાયેલ અને નીચે સુધી ઘસેડી લાવેલ જેથી મારા પતિને ડાબા પગમાં તથા ડાબા હાથે ઈજા થયેલી હતી મને હાથના ભાગે ઈજા થયેલી તથા રૂત્વીકને પીઠના તથા પગના ભાગે ઈજા થયેલી હતી આ અકસ્માત કરનાર આઇસર ટેમ્પોનો નંબર શું હતો તે હાલ મને યાદ નથી. અને આઇસર ટેમ્પોનો ચાલક કોણ હતો તે મે જોયેલ નહી. ત્યારબાદ અમને સારવાર અંગે નેત્રંગ સરકારી દવાખાને સારવાર માટે લાવેલ ત્યાં પ્રાથમિક સારવાર આપી અમોને વધારે ઈજા હોવાથી બીજા દવાખાને વધુ સારવાર માટે જવાનું જણાવતા અમો ત્રણેય જણને અંકલેશ્વર જયાબેન મોદી હોસ્પિટલમાં લઇ ગયેલ.

મજકુર સાહેદ તેઓની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતાં ન હોય વિ.એ.પી.પી.શ્રી.એ તેઓને ફરી ગયેલા જાહેર કરાયા બાદ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સીધા સવાલો પુછી ચકાસણી કરેલ હોવા છતાં ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતી ગણી શકાય તેવી વિગતો આ સાહેદ તેઓની જુબાનીમાં જણાવતાં નથી.

આરોપીપક્ષે કરવામાં આવેલ ઉ.તમાં આ સાહેદ જણાવેલ છે કે, એ વાતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે,બનાવવાળી જગ્યા ચડાવ ઉતાર વાળી છે. એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યાએ નાળુ આવેલું છે. એ વાત ખરી છે કે, બનાવવાળા રસ્તા પર વાહનોની અવર જવર સતત રહેતી હોય છે. એ વાત ખરી છે કે, વાહન કોણ ચલાવતું હતું તે મેં નજરે જોયેલ નથી. એ વાત ખરી નથી કે, અમો મોટરસાઇકલ પરથી જાતે પડી ગયેલા.એ વાત ખરી નથી કે, હું મોટરસાઇકલ પરથી જાતે પડી ગયેલ હોય તેમાં ઈજા થયેલ.

(૮.૪) આ કામે ફરીયાદપક્ષે **આંક-૦૯ થી સાહેદ વસંતભાઇ દિલીપભાઇ વસાવા**નાઓને તપાસેલ છે. મજકુર સાહેદની તેની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે,બનાવ દોઢ વર્ષ અગાઉ ભાંગોરી બલદવા પાસે ગામમાં ટેકરા પર બનેલો. બનાવના દિવસે હું ઉંડી ગામે ઈંટના ભઠા પર હાજર હતો. તે દિવસે મારા આઇસર ટેમ્પો નંબર જી.જે-૧૬-ડબલ્યુ-૧૬૮૫માં ઇંટો ભરીને ડ્રાઇવર નરેશભાઇ સોમાભાઇ વસાવા ભાંગોરી ગામે જવા માટે નીકળ્યા અને થોડા સમયબાદ નરેશભાઇનો ફોન આવ્યો અને જણાવેલ કે તે ભાંગોરી ગામે જતો હતો તે વખતે રસ્તા પર ચઢાણ પાસે તેનો ટેમ્પો ટેકરી નહી ચઢતા પાછળ જવા લાગેલ તેણે બ્રેક મારવાના પ્રયત્નો કરેલ પરંતું ટેમ્પો ઝડપમાં પાછળ જવા લાજેલ અને પાછળતી કંઇક અથડાવાનો અવાજ આવેલ અને ટેમ્પો ઉભો રહી ગયેલ અને પાછળથી કોઇ માણસનો

અવાજ આવેલ જેથી તે ગભરાઇને ગાડી મુકીને ત્યાંથી જતો રહેલ.નરેશે મને એવું જણાવતા ત્યાં બનાવવાળી જગ્યાએ ગયેલ અને જોયેલ તો ત્યાં એક મોટરસાઇકલ પડેલ હતી અને ટેમ્પો ઉભેલ હતો. ત્યારબાદ ઈજા પામનારાનાઓને સારવાર માટે ૧૦૮ એમ્બ્યુલન્સમાં નેત્રંગ લઇ ગયેલ.

આરોપીપક્ષે કરવામાં આવેલ ઉ.તમાં આ સાહેદ જણાવેલ છે કે, એ વાતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે,બનાવની જાણ ફોનથી થયેલ.એ વાત ખરી છે કે, બનાવ સમયે હું ઇંટના ભઠા પર હોઇ જેથી બનાવ કઇ રીતે બનેલ તે હું કહી શકું નહી.

(૮.૫) આ કામે ફરીયાદપક્ષે **આંક-૧૦ થી સાહેદ દિનકરભાઈ સેમ્યુલભાઈ વસાવા**નાઓને તપાસેલ છે. મજકુર સાહેદની તેની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ દોઢ વર્ષ અગાઉ ભાંગોરી બલદવા પાસે ગામમાં ટેકરા પર બનેલો. બનાવના દિવસે હું ઉંડી ગામે મારે ઘરે હતો. તયારે નરેશભાઈનો ફોન આવેલ અને જણાવેલ કે, તે આઈસર ટેમ્પો નંબર જી.જે-૧૬-ડબલ્યુ-૧૬૮૫ માં ઇંટો ભરીને વસંતભાઈના ઇંટના ભઠા પરથી ભાંગોરી ગામે જવા માટે નીકળેલ અને થોડા સમયબાદ તે ભાંગોરી ગામે જતો હતો તે વખતે રસ્તા પર ચઢાણ પાસે તેનો ટેમ્પો ટેકરો નહી ચઢતા પાછળ જવા લાગેલ તેણે બ્રેક મારવાના પ્રયત્નો કરેલ પરંતું ટેમ્પો ઝડપમાં પાછળ જવા લાગેલ અને પાછળથી કંઇક અથડાવાનો અવાજ આવેલ અને ટેમ્પો ઉભો રહી ગયેલ અને પાછળથી કોઇ માણસનો અવાજ આવેલ જેથી તે ગભરાઇને ગાડી મુકીને ત્યાંથી જતો રહેલ. નરેશે મને આવું જણાવતા ત્યાં બનાવવાળી જગ્યાએ ગયેલ. અને જોયેલ તો ત્યાં એક મોટરસાઇકલ પડેલ હતી અને ટેમ્પો ઉભેલ હતો. ત્યારબાદ ઈજા પામનારનાઓને સારવાર માટે ૧૦૮ એમ્બ્યુલન્સમાં નેત્રંગ લઇ ગયેલ.

આરોપીપક્ષે કરવામાં આવેલ ઉ.તમાં આ સાહેદ જણાવેલ છે કે, એ વાતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે,બનાવની જાણ ફોનથી થયેલ. એ વાત ખરી છે કે, બનાવ સમયે હું મારા ઘર પર હોય જેથી બનાવ કઇ રીતે બનેલ તે હું કહી શકું નહી.

(૮.૬) આ કામે ફરીયાદપક્ષે **આંક-૧૩ થી તપાસ કરનાર અમલદાર સુભાષભાઈ કાંતીભાઈ મંડપવાલા**નાઓને તપાસેલ છે. મજકુર સાહેદની તેની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે,તા. ૨૦/૦૪/૨૦૨૪ ના રોજ હું નેત્રંગ પોલીસ સ્ટેશનમાં મારી ફરજ ઉપર હાજર હતો તે દિવસે ફરીયાદી આશાબેન દિનેશભાઈ વસાવા , રહે. ઉંડી નદી ફળીયું તા. નેત્રંગ,જી.ભરૂચનાઓ અકસ્માત ફરીયાદી લઇ આવેલ એમની ફરીયાદ હકીકત જોતા તા.૧૯/૦૪/૨૦૨૪ ના રોજ આ કામના આરોપી નરેશભાઈ સોમાભાઈ વસાવાનાઓ

તેમનો આઇસર ટેમ્પો નંબર જી.જે–૧૬–ડબલ્યુ–૧૬૮૫ ભાંગોરી બલદવા પાસે ટેકરો ચડતા ચઢાણ ન ચડતા વાહન કાબુ બહાર જતા પાછળ જતા આઇસર ટેમ્પો પાછળ આવતા યામાહા કંપનીની મોટરસાઇકલ નંબર જી.જે–૧૬–ડી.એન–૭૩૫૫ ના ચાલક અરવિંદભાઇ દેવજીભાઇને ભટકાડી તેમને ડાબા પગમાં તથા તેમના પત્ની રમીલાબેનને ડાબા હાથમાં અને રૂત્વીકભાઇને ડાબા પગમાં નાની મોટી ઇજાઓ કરી નાસી ગયેલ હોવાની ફરીયાદ નેત્રંગ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૯૦૦૫૨૪૦૨૮૯/૨૦૨૪ થી ઇ.પી.કો.કલમ ૨૭૯, ૩૩૭, ૩૩૮, તથા એમ.વી. એકટ ની કલમ – ૧૭૭, ૧૮૪,૧૩૪, ૧૮૭ (R.W) મુજબનો ગુનો દાખલ કરેલ. જે ગુનાની તપાસ અમોને સોંપતા અમોએ પ્રથમ ગુનાવાળી જગ્યાએ જઇ સદર જગ્યા તથા તેની ચતુર્દીશાનું પંચનામું પંચો રૂબરૂ લખી લીધેલ. મને આજરોજ સદર પંચનામું બતાવવામાં આવે છે જેમાં બે પંચોની મારી રૂબરૂની સહી છે જે હું ઓળખી બતાવું છું. સદર પંચનામાને રજુ દાખલ આંક–૧૪ આપવામાં આવે છે. સદર ગુનાના આરોપીની અટક કરેલ અને મુદત હરોળ જામીન મુકત કરેલ. ત્યારબાદ અમોએ સદર કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો મેળવેલ અને અકસ્માતમાં ઇજા પામનારનાઓના સારવાર સર્ટી મેળવી તપાસના કામે સામેલ રાખી આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા ચાર્જશીટ કરેલ. આરોપીને જોયેથી ઓળખી શકું જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર નથી.

આરોપીપક્ષે કરવામાં આવેલ ઉ.તમાં આ સાહેદ જણાવેલ છે કે, એ વાતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે,બનાવવાળી જાહેર રોડ છે ત્યાં વાહનોની અવર જવર રહેતી હોય છે. એ વાત ખરી છે કે, આ જાહેર રોડ ખાડાવાળો અને ટેકરાવાળો છે. એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યાની આજુબાજુમાં રહેણાંક મકાનો તથા મંદિર આવેલ છે. એ વાત ખરી નથી કે, સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. એ વાત ખરી નથી કે, પંચનામાઓ પોલીસ સ્ટેશનમાં તૈયાર કરેલા.

(૯) ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરિયાદપક્ષ પર રહેલ છે. ફરિયાદ પક્ષે પોતાની હકીકત શંકાથી પર સાબીત કરવાની હોય છે. દિવાની કાર્યવાહી જે રીતે સંભવિતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં નથી હોતી. ફોજદારી કાર્યવાહીમાં તમામ તબકકે પુરાવાનો બોજો આરોપી ઉપર બેસતો નથી. ફરિયાદપક્ષે માત્ર સંભવિતતા દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપી ઉપરનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનું રહે છે. સાબિત થયેલ હકીકતો કોને કહેવાય. તે જોવામાં આવે તો ન્યાયાલય સમક્ષ

પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતો અસ્તિત્વ હોવાનું માને છે તો તેવી હકીકતો સાબીત થયેલ ગણાય.

હાલના કામ આ કામના આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, તથા એમ.વી. એકટ ની કલમ – ૧૭૭, ૧૮૪,૧૩૪, ૧૮૭ (R.W),મુજબના ગુનાનો આક્ષેપ હોય. સદરહું કલમ અન્વયે આવશ્યક તત્વ મુજબના ગુનો સાબીત કરવા ફરિયાદીએ ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૦૧ થી ૧૦૩ મુજબ પુરાવા રજુ કરવાની જવાબદારી ફરિયાદ પક્ષની છે.

**<u>આરોપાયેલ કલમોના આવશ્યક તત્વો :–</u>**

**<u>ઈ.પી.કો.કલમ–૨૭૯ ના આવશ્યક તત્વો.</u>**

૧. આરોપી વાહન હાંકતો હતો અથવા તેના ઉપર સવાર હતો.

૨. તે જાહેર માર્ગ ઉપર હાકતો હતો અથવા સવાર હતો.

૩. તે અવિચારી અથવા બેદરકાર રીતે હાંકતો અથવા સવારી કરતો હતો.

૪. એવી સવારી અથવા હાંકવાનું માનવ જીવન માટે ભયજનક હતું અથવા તેનાથી વાગવાનું અથવા ઈજા થવાનો સંભવ હતો.

**<u>ઈ.પી.કો.કલમ–૩૩૭ ના આવશ્યક તત્વો.</u>**

૧. આરોપીના કોઈ કૃત્ય ધ્વારા માનવજીવન અથવા કોઈન વ્યકિતગત સુરક્ષા જોખમાય અને તેને ઈજા થાય.

**<u>ઈ.પી.કો.કલમ–૩૩૮ ના આવશ્યક તત્વો.</u>**

૧. આરોપીના કોઈ કૃત્ય ધ્વારા માનવ જીવન અથવા કોઈની વ્યકિતગત સુરક્ષા જોખમાય અને તેને ગંભીર ઈજા થાય.

**<u>આ કામે મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૪ ની સાથે કલમ–૧૭૭ વાંચતાં ફરીયાદ પક્ષે નીચે મુજબની વિગત પુરવાર કરવી જરૂરી છે.</u>**

૧. આરોપીએ લોકો માટે જોખમી હોય તે રીતે વાહન ચલાવેલ છે.

૨. આરોપીએ કોઈ વ્યક્તિને અકસ્માતમાં ઈજા કરેલ છે.

આ કામે આરોપી સામે આક્ષેપાયેલ ગુનો ઈ.પી.કો.કલમ–૨૭૯ ની વ્યાખ્યા વંચાણે લેવી જરૂરી છે જે નીચે મુજબ છે.

***<u>Indian Penal Code (45 of 1860), s. 279 NEGELIGENCE</u>***

*Rash and negligent driving-Offence under-Igredients of rash and negligent driving on public road endangering human life or likely to cause injury must be established Mere carelessness of error of judgement not sufficient Accident resulting in death failure of prosecution to prove rash and negligent driving of accused - Bare statement that vehicle was being driven in high speed not sufficient - Accused entitled for acquittal.*

*"Section 279, IPC deals with rash and negligent driving of any vehicle or riging on a public way in rash and negligent manner so as to endanger human life or likely to cause hurt or injury to any person. In order to constitute an offence under Section 279, IPC, It must be established that the accused was driving the vehicle on al public way in a rash and negligent manner to endanger human life or likely to cause hurt or injury to any other person. For the purpose of Section 279 rash and negligence may be described as criminal rashness or criminal negligence. It must be more than mere carelessness of error of judgement.*

*The essential ingredients of Section 279 are:*

*(i) Rash and negligent driving or riding on a public way.*

*(ii) The act must be such as to endanger human life or likely to cause hurt or injury to any person. For an offence punishable under Sec. 304-A IPC, the point to be established is that the act of accused was responsible for resulting in the death and such act of the accused was rash and negligent although it did not amount to culpable homicide. To establish either of Section 279 or 304 A, rash and negligent has to be established, but only distinction is that in Section 279 rash and negligent act relates to the manner of driving or riding on a public way, while offence under Section 304 A extends to any rash and negligent act falling short of culpable homicide. As indicated above, rashness or negligence to be established must be more than an error of judgement, Distinction between rashness and negligence is that negligence connotes want*

*of proper care, while rashness conveyes the idea of reckless doing of an act without consideration of any consequences.*

**(૧૦)** આમ, આ કામે ફરીયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું બારીકાયથી મુલ્યાંકન કરવામાં આવે તો સાહેદ અરવિંદભાઇ દેવજીભાઇ તથા તેમના પત્નિ સાહેદ રમીલાબેન અરવિંદભાઇ તથા તેમનો દિકરો રૂત્વીક બલદવા ગામે તેઓની મોટરસાઇકલ લઇને જતા હતા તે વખતે ભાંગોરી બલદવા ગામે જવાના રસ્તા પાસે ટેકરો ચડતા હતાં તે દરમ્યાન તેઓની આગળ રહેલ ઇંટો ભરેલ આઇસર ટેમ્પો અચાનક પાછળ આવતા તેમના મોટરસાઇકલ સાથે અથડાયેલ અને નીચે સુધી ઘસેડી લાવેલ, જેથી સદર સાહેદોને અકસ્માતથી ઈજા થયેલ અને તે બાબતની હાલની ફરીયાદ આપવામાં આવેલ છે. હાલની ફરીયાદ આશાબેન દિનેશભાઇ વસાવા દ્વારા આપવામાં આવેલ છે. પરંતુ હાલના ફરીયાદીએ આપેલ મૌખિક પુરાવો ધ્યાને લેતા તેઓ બનાવ નજરે જોનાર વ્યક્તિ નથી તેમજ તેઓને બનાવ અંગેની જાણ સાહેદ અરવિંદભાઇ દ્વારા થયેલ હોવાનું સ્વેચ્છાએ જણાવે છે. ફરિયાદીએ પોતાના મૌખિક પુરાવામાં બનાવ કેવી રીતના બનેલ હોવાની હકીકતને સમર્થન આપેલ છે, પરંતુ તેઓએ અકસ્માત કરનાર આઇસર ટેમ્પોના નંબર જી.જે.૧૬.ડબલ્યુ.૧૬૮૫ રહેલ હતા અને તેના ચાલક તેમના ગામના ડ્રાઇવર નરેશભાઇ સોમાભાઇ વસાવા રહેલ હતા હોવાની વિગતો પણ તેમની ફરિયાદ મુજબ જણાવેલ છે. જેથી તેઓએ આપેલ મૌખિક પુરાવો તેમની ફરિયાદની સંપુર્ણ રીતે સમર્થન કારક રહે છે. પરંતુ, હાલના ફરિયાદી બનાવ નજરે જોનાર વ્યક્તિ રહેલ નથી અને અરવિંદભાઇ દ્વારા મળેલ માહિતી મુજબ તેઓને બનાવની જાણ થયેલ છે. જેથી ફરિયાદીના મૌખિક પુરાવાને અન્ય સાહેદો અને ખાસ કરીને સાહેદ અરવિંદભાઇનું સમર્થન મળવું ખૂબ જ જરૂરી રહે છે અને તો જ ફરિયાદીનો મૌખિક પુરાવો વિશ્વસનીય અને કાયદા મુજબ માની શકાય તેવો રહે છે અન્યથા તેમનો પુરાવો માની શકાય નહી.

**(૧૦.૧)** જેથી સાહેદ અરવિંદભાઇ દેવજીભાઇ વસાવાનો મૌખિક પુરાવો ધ્યાને લેવામાં આવે તો તેઓ બનાવ સમય,તારીખ,સ્થળ અને બનાવ બનેલની હકિકતોને સમર્થન આપેલ છે. વધુમાં હાલના સાહેદ અકસ્માત કરનાર આઇસર ટેમ્પોના નંબર જી.જે.૧૬.ડબલ્યુ.૧૬૮૫ હોવાનું ફરીયાદની હકિકત મુજબ સમર્થન કરેલ છે પરંતુ તેઓએ જણાવેલ છે કે, આઇસર ટેમ્પોના ચાલક ટેમ્પો મુકીને નાશી ગયેલ અને ગામના લોકોએ તેને પકડેલ પરંતુ તેઓએ તે ચાલકને જોયેલ નહી, તે કોણ હતું તે તેમને ખબર નથી. આમ હાલના સાહેદ કે જેઓ બનાવ

સમયે ખુદ મોટરસાઇકલ ચલાવતા હતા તેઓએ ટેમ્પોના ચાલકને જોયેલ ન હોવાનું જણાવેલ છે. જેથી બનાવ સમય, તારીખ, સ્થળે નંબર જી.જે.૧૬.ડબલ્યુ.૧૬૮૫ વાળો આઇસર ટેમ્પો હાલના આરોપી પોતે જ ચલાવતા હતા કે કેમ તે અંગે કોઇ માનવા લાયક પુરાવો હાલના સાહેદના પુરાવા પરથી ફલિત થતો નથી. વધુમાં હાલના સાહેદને ફરિયાદ પક્ષના એ.પી.પી.શ્રી. દ્વારા હોસ્ટાઇલ કરી અને મેમરી રીફ્રેશ કરાવતા તેઓએ તે હકિકતનો સ્વીકાર કરેલ છે કે તેઓએ તેમના નિવેદનમાં એવું લખાવેલ છે કે, આઇસર ટેમ્પોના માલીક વસંતભાઇ દિલીપભાઇને ડ્રાઇવર બાબતે પુછતા ડ્રાઇવર તરીકે નરેશભાઇ સોમાભાઇ રહે. ઉંડી, તા.નેત્રંગ ના છે તેવુ જણાવેલ જે અમોએ તપાસ કરેલ તો ત્યારે સાચે જ ડ્રાઇવર તરીકે નરેશભાઇ સોમાભાઇ વસાવા જ હતા. આમ, હાલના સાહેદને સદર ટેમ્પોના ચાલકનું નામ તેમના માલીક પાસેથી જાણવા મળેલ હોવાનું તેઓએ કથન કરેલ છે. વધુમાં બચાવ પક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે વાહન કોણ ચલાવતું હતું તે તેઓએ નજરે જોયેલ નથી. જેથી હાલના સાહેદના પુરાવા પરથી બનાવ સમયે હાલના આરોપી જ આઇસર ટેમ્પો જી.જે.૧૬.ડબલ્યુ.૧૬૮૫ ચલાવતા હતા હોવાનું માની શકાય નહી. જેથી વધુ સાહેદોના પુરાવા પર જોવાનું રહે છે.

(૧૦.૨) ત્યારબાદ ફરિયાદ પક્ષ દ્વારા સાહેદ રમીલાબેન અરવિંદભાઇ વસાવાને સોગંદપર તપાસેલ છે. હાલના સાહેદ તેમના પતિ અરવિંદભાઇ તથા તેમના દિકરા રૂત્વિકભાઇ સાથે મોટરસાઇકલ લઇને જઇ રહેલ હતા. તેઓએ આપેલ પુરાવા પરથી પણ બનાવ બનેલ હોવાનું સમર્થન પ્રાપ્ત થાય છે. પરંતુ બનાવ સમયે આઇસર ટેમ્પોના ચાલક કોણ હતા અને તેના નંબર શું હતા તે અંગે કોઇ હકીકત હાલના સાહેદ જાણતા ન હોવાનું તેઓએ કથન કરેલ છે. આમ હાલના સાહેદ આપેલ પુરાવા પરથી બનાવ સમયે હાલના આરોપી આઇસર ટેમ્પો ચલાવતા હતા તેવું ફલિત થતુ નથી. ત્યારબાદ ફરિયાદ પક્ષ દ્વારા આઇસર ટેમ્પોના માલીક વસંતભાઇ દિલીપભાઇને આંક–૦૯ થી સોગંદપર તપાસેલ છે.તેઓએ જણાવેલ છે કે બનાવ સમયે તેઓ ઉંડી ગામે ઇંટના ભઠ્ઠા પર હાજર હતા ત્યારે તેઓનો આઇસર ટેમ્પો જી.જે.૧૬.ડબલ્યુ.૧૬૮૫ ઇંટો ભરીને તેમના ડ્રાઇવર નરેશભાઇ સોમાભાઇ વસાવા ભાંગોરી ગામે જવા માટે નીકળેલ અને થોડા સમયબાદ નરેશભાઇનો ફોન આવેલ કે, ભાંગોરી ગામે જતા હતા તે સમયે રસ્તા પર ચડાણ પાસે તેનો ટેમ્પો ટેકરો નહી ચડતા પાછળ જવા લાગેલ અને તેણે બ્રેક મારવાનો પ્રયત્ન કરેલ પરંતુ ટેમ્પો ઝડપમાં પાછળ જવા લાગેલ અને પાછળથી કાંઇક અથડાવવાનો અવાજ આવેલ અને ટેમ્પો ઉભો રહી ગયેલ જેથી તે ગભરાયને ગાડી મુકીને ત્યાંથી જતો રહેલ અને ત્યારબાદ તેઓ બનાવ સ્થળ પર ગયેલ.

આમ, હાલના સાહેદ આપેલ પુરાવા પરથી બનાવ સમયે તેઓએ તેમનો આઈસર ટેમ્પો નરેશભાઈ સોમાભાઈ વસાવા એટલે કે હાલના આરોપીને ડ્રાઈવર તરીકે ચલાવવા આપેલ. પરંતુ હાલના સાહેદ બનાવવાળી જગ્યા પરથી દુર રહેલ હતા તેમજ તેઓ બનાવ નજરે જોનાર વ્યક્તિ નથી. જેથી ખરેખર બનાવ કેવી રીતના બનેલ તે ચોક્કસ હકિકત બનાવ નજરે જોનાર વ્યક્તિ જ કહી શકે. જેથી હાલના સાહેદના પુરાવા પરથી પણ ફરિયાદ પક્ષને કોઈ સમર્થન પ્રાપ્ત થતું નથી. આ ઉપરાંત ફરિયાદ પક્ષ દ્વારા આંક−૧૦થી દિનકરભાઈ સેમ્યુલભાઈને સોગંદપર તપાસેલ છે. પરંતુ હાલના સાહેદ પણ બનાવ નજરે જોનાર સાહેદ નથી તેમજ બનાવ અંગેની જાણ ફોન દ્વાર તેઓને થયેલ હોવાનું જણાવતા જેથી ચોક્કસ બનાવ કેવી રીતે બનેલ તે હાલના સાહેદ ચોક્કસપણે જણાવી શકે નહી. જેથી હાલના સાહેદનો પુરાવો પણ ફરિયાદ પક્ષ દ્વારા સમર્થન કારક બનતો નથી.

**(૧૦.૩)** વધુમાં, ફરિયાદ પક્ષ દ્વારા આંક−૧૩ થી સદર ગુનાની તપાસ કરનાર અમલદાર એસ.કે. મંડપવાલાને તપાસેલ છે. હાલના ત.ક.અ. દ્વારા બનાવ અંગેની ફરિયાદની તપાસ મળતા તેઓએ ગુનાવાળી જગ્યાનું પંચનામુ અને ત્યારબાદ આરોપીની અટક તથા લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ હોવાનું જણાવેલ છે. આમ હાલના ત.ક.અ. દ્વારા તેમની ફરજના ભાગ રૂપે રૂટીનમુજબની કામગીરી કરેલ છે. વધુમાં બચાવ પક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એ હકિકતમાં સ્વીકાર કરેલ છે કે બનાવવાળો રોડ જાહેર રોડ છે, ત્યાં વાહનોની અવરજવર રહેતી હોય છે, બનાવવાળી જગ્યાની આજુબાજુ રહેણાંક મકાન તથા મંદીર આવેલ છે, બનાવવાળો રોડ ખાડાવાળો તથા ટેકરાવાળો છે. આમ, બનાવવાળી જગ્યા જાહેર રોડ અને વાહનોની અવરજવર વાળો હોવાનું ફલીત થાય છે. વધુમાં બનાવવાળી જગ્યા ટેકરાવાળો અને ખાડાવાળો રોડ પણ હોવાનું ફલીત થાય છે. પરંતુ, ફરિયાદ પક્ષ દ્વારા રજુ થયેલ મૌખિક પુરાવો ધ્યાને લેતા મુખ્ય ઈજા પામનાર સાહેદો દ્વારા જ તેઓ આઇસર ટેમ્પોના ચાલકને જોયેલ ન હોવાનું જણાવેલ છે. ત્યારે, બનાવ સમયે હાલના આરોપી જ આઇસર ટેમ્પો ચલાવતા હતાં તેવું માની શકાય નહીં. વધુમાં સાહેદ અરવિંદભાઈએ જણાવ્યાં મુજબ અકસ્માત કરનાર ટેમ્પો ચાલકને ગામના લોકોએ પકડેલ હતા પરંતુ તપાસ કરનાર અમલદાર દ્વારા અકસ્માત કરનાર ટેમ્પો ચાલક હાલના આરોપી ચલાવતા હતા તેમજ આઈસર ટેમ્પો ચલાવતાં અન્ય કોઈ સ્વતંત્ર સાહેદે હાલના આરોપીને જોયેલ હોય કે હાલના આરોપીને ગામના લોકોએ પકડેલ હોય તેવા કોઈ સાહેદોના નિવેદનો તપાસ કરનાર અમલદાર દ્વારા લેવામાં આવેલ નથી. વધુમાં એ હકીકત સ્વીકૃત છે કે બનાવવાળી જગ્યા ટેકરાવાળો રોડ રહેલ હતો. જેથી સ્વાભાવીક રીતે ભારે વાહન ટેકરા ઉપર

પુર ઝડપે ચાલી શકે નહી. હાલના બનાવમાં આઈસર વાહન દ્વારા ટેકરાનું ચડાણ ન થતા પાછળ આવેલ હોવાનું ફલિત થયેલ છે. પરંતુ સદર આઈસર ટેમ્પો ગફલત ભરી રીતે અને બેદરકારી પુર્વક ધસી આવેલ હોય તેવું લેશમાત્ર કોઇ પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતું નથી. વધુમાં તપાસ કરનાર અમલદાર દ્વારા પણ આઈસર ટેમ્પો વાહનનો કોઇ એક્સીડેન્ટ રીપોર્ટ ફોર્મ કરાવેલ નથી, જેથી બનાવ સમયે આઈસર ટેમ્પોમાં કોઈ મીકેનીકલ ખામી રહેલી હતી કે આકસ્મીક રીતે કોઇ મીકેનીકલ ખામી સર્જાયેલ હતી, તે અંગે કોઇ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. ત્યારે બનાવ સમય ખરેખર બેદરકારી આઈસર ટેમ્પોના ચાલકની જ રહેલી હતી કે કેમ તે અંગે પણ ફરીયાદ પક્ષ નિઃશંક પણે પુરવાર કરી શકેલ નથી. વધુમાં, ફરીયાદ પક્ષ દ્વારા બનાવવાળી જગ્યાના પંચનામાના કોઇ પંચ સાહેદોને પણ હાજર રખાવી પંચનામુ પુરવાર કરી શકેલ નથી. તે સિવાય ફરિયાદ પક્ષ દ્વારા ઈજા પામનાર સાહેદોના એમ.એલ.સી. સર્ટીફીકેટ રજુ રાખેલ છે જે બચાવ પક્ષ દ્વારા કબુલ રાખેલ છે. જેથી સદર દસ્તવેજોને પુરાવામાં ગ્રાહ્ય રાખવામાં આવે છે.જેથી ઈજા પામનાર સાહેદોને ઈજાઓ થયેલ હોવાનું માની શકાય. પરંતુ, ઈજા પામનાર સાહેદોને થયેલ ઈજાઓ હાલના આરોપીના જ બેદરકારી ભર્યા, ગફલતભરી વાહન ચાલાકીથી થયેલ તે અંગે કોઇ માનવા લાયક પુરાવો રજુ થયેલ નથી.

(૧૦.૪) આમ, સદર તમામ દસ્તાવેજો થી આરોપીની સદર ગુનાના કામે સાંકળતો કોઈ પુરાવો ફલિત થતો નથી. આમ, ફરીયાદપક્ષે રજુ કરેલ મૈખિક તેમજ દસ્તાવેજી પુરાવો ફરીયાદપક્ષની ફરીયાદને સમર્થન કારક બનતો નથી. જેથી રજુ થયેલ તમામ દસ્તાવેજી પુરાવાઓ માનવાલાયક પુરાવાથી પુરવાર થયેલ નથી. આમ, સમગ્ર વિગતે ફરીયાદપક્ષે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા જોતાં આક્ષેપિત ગુન્હાના આવશ્યક તત્વો જેવા કે રેશ, નેગ્લીજન્સી કે આઈડેન્ટીટી પુરવાર થયેલ નથી. આક્ષેપિત વાહન અકસ્માતના બનાવમાં નજરે જોનાર કોઈ સાહેદોને ફરીયાદપક્ષ તપાસી શકેલ નથી. હાલના આરોપી જ આક્ષેપિત ગુન્હાના કામે સંડોવાયેલ હતા તેવો પણ કોઈ સ્પષ્ટ કે માનવા લાયક પુરાવો રેકર્ડ ઉપર આવલ નથી. તે જોતા બનાવમાં ઉપજતી શંકાનો લાભ આરોપીને મળવા પાત્ર બને છે. હાલના બનાવમાં, ફરીયાદીની ફરીયાદવાળો બનાવ બનેલ હોવાની હકીકત ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી તેમજ ઈજા પામનારને થયેલ ઈજાઓ હાલના આરોપીના જ ગફલતભર્યા અને બેફામ તેમજ બેદરકારી ભર્યા ડ્રાઈવીંગથી થયેલ હતુ તેવુ હતુ તેવુ સાબિત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે.

**(૧૧)** આમ, રેકર્ડ પર આવેલ પુરાવા પરથી ઈજા પામનારને ઈજાઓ થયેલાનુ પુરવાર થાય છે. પરંતુ ફરીયાદપક્ષ, આરોપી સામેના તહોમતનામા મુજબના ગુન્હાના આવશ્યક તત્વો પુરવાર કરી શકેલ નથી. આમ, ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનો તુલ્નાત્મક અભ્યાસ કરતા, ફરીયાદપક્ષ નિ:શંકપણે આરોપી વિરૂધ્ધ એવી હકીકત સાબિત કરી શકેલ નથી કે, આ કામના આરોપી પોતાનુ વાહન પુરઝડપે તથા ગફલતભરી રીતે ચલાવી સાહેદના વાહન સાથે અથડાવી તેઓને ઈજા કરી કરેલ હોય. આમ, ફરીયાદપક્ષ આરોપી સામેનો કેસ શંકારહીત સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે તેમ ઠરાવુ છુ. જેથી મુદા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદા નં.ર માટે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: હુ ક મ ::–

**(૧)** આ કામના આરોપી : **નરેશભાઈ સોમાભાઈ દેવલાભાઈ વસાવા** ઉ.વ.૪ર, ધંધો – ડ્રાઈવર રહે. ઉંડી છેલ્લું ફળીયું, તા.નેત્રંગ,જી.ભરૂચનાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૨૫૫ (૧) અન્વયે ઈ.પી.કોડની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, તથા એમ.વી. એકટ ની કલમ – ૧૭૭, ૧૮૪,૧૩૪, ૧૮૭ (R.W),મુજબના ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે છે.

**(૨)** આરોપીએ કિ.પ્રો.કોડની કલમ ૪૩૭–એ(૧) મુજબ અપીલ કોર્ટમાં હાજર રહેવા માટે રુા.૫૦૦૦/– અંકે રૂપીયા પાંચ હજાર પુરાના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે અને સદર જામીનખત હુકમની તારીખથી છ માસ સુધી અમલમાં રહેશે.

આ હુકમ આજ તા. ૨૭, જુલાઇ – સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

સ્થળ – નેત્રંગ
તારી. – ૨૭/૦૭/૨૦૨૬.

(**હર્ષદ રાજાભાઈ ખમલ**)
જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
નેત્રંગ
**[GJ01749]**